રે. દિ. મુ. નંબર : ૭૩/૨૦૨૪

સત્યमेव जयते

રજુ તારીખ : ૦૯/૦૮/૨૦૨૪
દાખલ તારીખ : ૦૯/૦૮/૨૦૨૪
ફેસલ તારીખ :૧૮/૦૪/૨૦૨૬
સમયગાળો : ૦૧ વર્ષ ૦૮ માસ ૦૯ દિવસ

## ભાણવડના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ભાણવડ

રે.દિવાની મુકદમા નંબર : ૭૩/૨૦૨૪
આંક :

વાદી : પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
મારફતે :- નાયબ ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
ભાણવડ સબ ડીવીઝન, મું.ભાણવડ,
તા.ભાણવડ., જી.દેવભુમિ દ્વારકા.

વિરૂધ્ધ

પ્રતિવાદી: પાંચાભાઈ રાજાભાઈ મોરી,
ઉ.વ.આ.૫૦, ધંધો : વેપાર,
રહે. જય માતાજી પાન એન્ડ કોલ્ડ્રીંકસ,
કપુરડી નેશ,તા.ભાણવડ, જી.દેવભુમી-દવારકા

દાવો : વિજ વપરાશની લેણી રકમ રૂા.૧,૮૨,૭૪૮-૪૮ પૈસા વસુલ મળવા બાબત...

.........................................................................................................

| | |
|---|---|
| વાદી તરફે વિ.વ.શ્રી | : એમ.ટી.નાણાવટી |
| પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી | : એકતરફી |

.........................................................................................................

## જ જ મે ન્ટ

(૧) આ કામના વાદી કાયદાથી રચાયેલ સંસ્થા છે અને પોતાના નિયમો ઘડી પશ્ચિમ ગુજરાતમાં વીજળી વિસ્તરણ અને વિતરણની સેવાઓ આપે છે. વાદી સંસ્થા વિજળી બીલ માટે ચોકકસ ટેરીફ (ભાવ) ધરાવે છે અને કાયદેસરના ગ્રાહકો જે વીજળી વાપરે તે વિજ પ્રવાહ એનર્જી મીટરમાં થઈને જે તે ગ્રાહકના વપરાશમાં જાય છે. આ કામના પ્રતિવાદી ભાણવડ તાલુકાના કપુરડી નેશના રહીશ છે અને તેઓ ત્યાં પોતાના કબજા ભોગવટાની દુકાન ધરાવે છે.

આ કામના પ્રતિવાદી વાદીના ગ્રાહક ન હોવા છતા અનઅધિકૃત રીતે પાવર ચોરી કરી વીજ વપરાશ કરેલો.

(૨) આ કામના વાદી સંસ્થાના અધિકારી તા.૦૬/૧૨/૨૦૨૩ ના રોજ ચેકીંગમાં હતા ત્યારે ભાણવડ તાલુકાના કપુરડી નેશ મુકામે પ્રતિવાદીની દુકાનમાં વીજ વપરાશ ચાલુ હતો. પરંતુ વીજ વપરાશનું કોઈ કાયદેસરનું વીજ જોડાણ પ્રતિવાદી ધરાવતા ન હતા. સ્થળ ઉપર પ્ર તિવાદી હાજર રતહ અને પ્રતિવાદીની હાજરીમાં ચેકીંગ કરતા વોટર વર્કસના ઈલેવન કે.વી. અને જયોતિગ્રામની લાઈનમાં સર્વિસ વાયર વડે આંકડી મારી તેનો બીજો છેડો દુકાનમાં લોડ સાઈડ ફયુઝમાં જોડેલો હતો. આ પ્રતિવાદીનું લાઈટ બીલ ન ભરવાના કારણે જુનુ વીજ જોડાણ રદ થયેલ અને તેના ગ્રાહક નં.૩૨૮૬૩૦૦૫૨૧૯ હતા જેની ચેકીંગ શીટમાં નોંધ કરેલ. આ પ્રતિવાદી પોતાના દુકાનથી આગળ પસાર થતી વાદી કંપનીની લાઈનમાં લંગર નાંખી અને કાયમી વીજ ચોરી થાય તેવી વ્યવસ્થા ગોઠવેલી અને પાવર ચોરી કરેલ. આ કામના પ્રતિવાદી પોતાની દુકાનમાં પંખા–૨, સી.એફ.એલ.–૨, ફ્રીઝ–૩ મળીને કુલ ૧૭૮૦ વોટ વીજ ચોરી કરતા પકડાયેલ. પ્રતિવાદી પોતાની દુકાનમાં હાજર હતા અને ચેકીંગ શીટમાં સહી કરી આપેલ. અધિકારીએ સ્થળ ઉપરથી ૧૦ મીટર જેટલો સર્વિસ વાયર કબજે લીધેલ. આ કામે વાદીના અધિકારીએ પાવરચોરી પકડી સ્થળ પર તપાસણી અહેવાલ તથા રોજકામ તથા ફોટોગ્રાફ્સ લીધેલ. પ્રતિવાદીએ ચોરી કરીને વાપરેલ વિજળીનુ ગણતરી પત્રક તૈયાર કરી તેઓને વીજ બીલ આપવામાં આવેલ હતું જે વીજ બીલ ભરપાઈ કરેલ નહી. આમ, આ કામના પ્રતિવાદી પાસેથી વીજ બીલની રકમ ભરપાઈ કરવા નોટિસ પણ આ કામના પ્રતિવાદીને તા.૧૯/૦૧/૨૦૨૪ ના રોજ પત્ર લખી નોટિસ આપેલી હતી, જે નોટિસ તેઓને મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ બાકી લેણી રકમ ધરપાઈ કરેલ નથી. આમ, આ કામના પ્રતિવાદી સામે તેઓને કાયદેસરની લેણી રકમ બાકી પડે છે. જે રકમ વસુલાત ન આપતા હાલનો દાવો કરવાની તેઓને ફરજ પડી હોવાની હકીકત જણાવી તેઓએ તેમના દાવા અરજીના પેરા નં. ૧૧ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સની ધોરણસર બજવણી થવા છતાં હાજર રહેલા ન હોય, સબબ આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ આંક ૧ લગત એકતર્ફી કામ આગળ ચલાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

(૪) દાવામાં રજુ થયેલ નિવેદનો તથા દસ્તાવેજી આધારે નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

| SR.NO | ISSUES |
|---|---|
| 1. | શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીએ કપુરડીનેશ મુકામે પોતાની દુકાનમાં વીજ ચેકીંગ દરમ્યાન વોટર વર્કસના ૧૧ કે.વી. અને જયોતીગ્રામની લાઈનમાં સર્વીસ વાયર વડે આંકડી મારી તેનો બીજો છેડો દુકાનમાં લોડ સાઈડ ફયુઝમાં જોડેલ હતો અને કાયમી વીજ ચોરી થાય તેવી |

| | |
|---|---|
| | વ્યવસ્થા ગોઠવેલી અને પાવર ચોરી કરેલી ? |
| 2. | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પોતાની દુકાનમાં પંખા–૩, સી.એફ.એલ.–૨, ફ્રીઝ–૩ મળીને કુલ ૧૭૮૦ વોટ વીજળી વાપરતા પકડાયેલ ? |
| 3 | શું વાદી પુરવાર કરે છે કે, વાદી કંપની દવારા પ્રતિવાદીએ ચોરી કરી કરેલ વીજ વપરાશ અન્વયે ગણતરી કરી રૂા.૧,૬૫,૦૦૮–૦૯ પૈસાનું બીલ પ્રતિવાદીને આપેલ હતુ જે બીલ ભરવામાં પ્રતિવાદીએ કસુર કરેલ હતી ? |
| 4 | શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ? |
| 5 | શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૧૧ માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| 6 | શું હુકમ અને હુકમનામું ? |

(૫) દાવામાં રજુ થયેલ પુરાવાને દાવા અરજી તથા લેખિત જવાબ સાથે ધ્યાને લેતા ઉપરોકત મુદદાઓ અંગે નીચે મુજબના તારણો આપવામાં આવેલ છે.

| SR.NO. | FINDINGS |
|---|---|
| 1. | હકારમાં |
| 2. | હકારમાં |
| 3. | હકારમાં |
| 4 | અંશત: હકારમા, ૬ % ના વાર્ષિક વ્યાજ સહીત |
| 5. | અંશત: હકારમાં |
| 6. | આખરી હુકમ મુજબ |

(૬) દાવાના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

(અ) વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | આંક |
|---|---|---|
| ૧. | વાદી નાયબ ઈજનેર સંદિપકુમાર અંબેલાલ પટેલનું પુરાવાનુ સોગંદનામું | ૦૯ |

| | | |
|---|---|---|
| ૨. | દાવો દાખલ કરવાની પરવાનગીનો પત્ર | ૧૩ |
| ૩. | એફ.આઈ.આર.નો જાવક | ૧૪ |
| ૪. | એફ.આઈ.આર. | ૧૫ |
| ૫. | તપાસણી અહેવાલ | ૧૬ |
| ૬. | રોજકામ ફોટોગ્રાફ્સ સાથે | ૧૭ |
| ૭. | એનેક્ષર–૪ | ૧૮ |
| ૮. | ગેઈટ પાસ | ૧૯ |
| ૯. | એરીયસ બ્રેકઅપ ફોર્મ | ૨૦ |
| ૧૦. | દાવાની રકમનું ગણતરી પત્રક | ૨૧ |
| ૧૧. | વીજચોરીનું બીલ | ૨૨ |
| ૧૨. | કંપાઉન્ડીંગ ચાર્જનું બીલ | ૨૩ |
| ૧૩. | પુરવણી બીલનો પત્ર | ૨૪ |
| ૧૪. | એકનોલેજમેન્ટ | ૨૫ |
| ૧૫. | લીગલ નોટીસ | ૨૬ |
| ૧૬. | ફોટોગ્રાફી અંગેનુ પ્રમાણપત્ર | ૨૭ |
| ૧૭. | સ્થળ રોજકામ | ૨૮ |
| ૧૮. | બ્રીફનોટ | ૨૯ |
| ૧૯. | પ્રફોમા–૧૨ | ૩૦ |
| ૨૦. | પ્રતિવાદીનું જુનુ લાઈટ બીલ | ૩૧ |

બાદ આ કામે આંક : ૩૨ થી વાદી તરફે કલોઝીંગ રજુ રાખવામાં આવેલ છે. વાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળી. આ કામે પ્રતિવાદી તરફે કામ એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય પ્રતિવાદી હાજર ન હોય પ્રતિવાદી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૭) દાવાના કામે ઘડવામાં આવેલ મુદદાના જવાબના મારા કારણો નીચે મુજબ છે. આ કામે ઉપરોકત મુદદા નંબર : ૧ થી ૬ ની હકિકત વંચાણે લેતા પરસ્પર એક બીજા સાથે સંકળાયેલ હોય તેના કારણોની નોંધ એક સાથે કરવામાં આવેલ છે.

## :: કા ર ણો ( મુદ્દા નંબર : ૧ થી ૬ સબબ સંયુકત ) ::

(૭.૧) આ કામે દાવાની હકિકત પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી વાદીની રહે છે. આ કામે વાદી તરફે પોતાની દાવાની હકિકત પુરવાર કરવા મૌખિક પુરાવો રજુ રાખવામાં આવેલ છે. જેઓએ આ કામે સી. પી. સી. હુકમ : ૧૮ નિયમ : ૪ મુજબ લેખિતમાં સોગંદ પર સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી દાવાની હકિકતને સમર્થન પુરુ પાડેલ છે.તેમજ સદર સાહેદ ખુદ ચોરી પકડનાર હોય અને તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન તે જણાવવામાં આવેલ છે તેમજ તેમણે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો રજુ રાખેલ છે, તે સંજોગોમાં વાદી તરફે રજુ મૌખિક પુરાવાની સત્યતા અને દાવાની હકીકતે બનાવ બનેલાની હકિકત શંકાસ્પદ બનેલ નથી. આ કામે વાદીનો કેસ છે કે પ્રતિવાદીએ વીજ ચોરી કરેલ હોય, વીજ ચોરી અંગેનું વીજ બીલ આ કામના પ્રતિવાદીને આપવામાં આવેલ હોવાની હકીકત તેઓને તેમની લેખિત સરતપાસ દરમ્યાન જણાવેલ છે. વધુમાં આ કામના પ્રતિવાદીએ હાજર રહી તેઓનો બચાવ કરેલો નથી. જેથી તે હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.

(૭.૨) આ કામના વાદી દ્વારા તેઓની દાવા અરજી તથા સોગંદ ઉપરની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની રકમ નીકળતી રકમ રૂા.૧,૮૨,૭૪૮–૪૮ પૈસા મેળવવા માટે દાવો કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તેઓ દ્વારા તે જ રકમ માટે નોટિસ આપેલ હોવાની હકીકત પણ જણાવવામાં આવેલ છે. જયારે આ કામે આંક–૨૨ થી રજુ રાખવામાં આવેલ બીલ ઘ્યાને લેવામાં આવે તો તેમાં બિલની રકમ રૂા.૧,૬૫,૦૦૮–૦૯ પૈસા જણાવવામાં આવેલ છે તેમજ આંક–૨૪ વાળો પત્ર ઘ્યાને લ ેવામાં આવે તો તેમાં પણ બીલની રકમ રૂા.૧,૬૫,૦૦૮–૦૯ પૈસા દર્શાવવામાં આવેલ છે. તેવા સંજોગોમાં આ કામના વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૧,૬૫,૦૦૮–૦૯ પૈસા માંગતા હોવાની હકીકત હકીકત પુરવાર કરી શકેલા હોય, સબબ મુદ્દા નંબર : ૧, ૨, ૩ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

(૭.૩) આ કામે વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ તથા ૧૫ ના દરે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે. વાદી સંસ્થા વીલંબીત ચાર્જ અને લેણી રકમ પર વ્યાજ એકસાથે મેળવી શકે નહી. વધુમાં આ કામે વાદી સંસ્થા અને પ્રતિવાદી વચ્ચે વીલંબીત ચાર્જ તથા વ્યાજના દર બાબત કોઈ કરાર પણ થયેલ નથી. તેવા સંજોગોમાં આ કામના વાદી પ્રતિવાદી પાસેથી કરાર થયલ હોય તો અને તો જ તેઓ ૧૫% વ્યાજ સહીત તે રકમ વસુલાત મેળવી શકે છે. જો તે માટે કોઈ આધારની જરૂરીયાત હોય, તો અત્રેની અદાલત નામ. SYNDICATE BANK, CHENNAI V/S MOHAN BROTHERS reported in 2004 (10) SCC 549 Supreme Court held that where the contractual rate of interest is mentioned, court can grant as per the terms and condition fixed between the parties. આમ, ઉપરોકત સં જોગો ઘ્યાને લેવામાં આવે તો આ કામે પક્ષકારો વચ્ચે કોઈ જ કરાર થયેલ નથી. જે સંજોગોમાં વાદી સંસ્થાને લેણી રકમ પર ૧૫% વ્યાજ મેળવવા હકદાર બનતા ન હોવાનું અત્રેની

અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી વિલંબીત ચાર્જ અગરતો વ્યાજ પૈકી એક મેળવવા હકકદાર ઠરી શકે. આ કામે જયારે પક્ષકારો વચ્ચે વ્યાજ સબબ કોઈ કરાર કે સમજુતી થયેલ ન હોય ત્યારે વાદી સંસ્થા સી.પી.સી. કલમ : ૩૪ અન્વયે વ્યાજ મેળવવા હકકદાર ઠરી શકે અને પ્રવર્તમાન વ્યાજના દરને કેસની હકિકત સાથે ઘ્યાને લેતા વાદી સંસ્થા ઘ્વારા માંગવામાં આવેલ ૧૫ ટકાના દરે વ્યાજ અતિશયોકિત ભર્યુ જણાય છે અને તે સંજોગોમાં પ્રવર્તમાન વ્યાજના દરે હુકમ કરવો ન્યાયિક નિર્ણય કરવો ન્યાયિક ગણી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી દાવાાની તારીખથી કામચલાઉ આકારણી બીલની રકમ પર ૬ ટકાના દરે વ્યાજ મેળવવા હકકદાર જણાય છે. અને તે સંજોગોમાં મુદદા નંબર : ૪ તથા ૫ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી મુદદા નંબર : ૬ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુ ક મ ::

(૧) આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી વાદી સંસ્થા પ્રતિવાદી પાસેથી રકમ રૂા.૧,૬૫,૦૦૮–૦૯ પૈસા (અંકે રૂપિયા એક લાખ પાસઠ હજાર આઠ અને નવ પૈસા પુરા) વાર્ષિક ૬ ટકાના દરે દાવાની તારીખથી વસુલ ન થાય ત્યાં સુધી મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) પ્રતિવાદીએ વાદી સંસ્થાને ઉપરોકત હકિકતે લેણી રકમ ચુકવી આપવી.

(૪) પ્રતિવાદીએ પોતાનુ તથા વાદી સંસ્થાના દાવાનું ખર્ચ ભોગવવુ.

(૫) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ તારીખ ૧૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૧૮–૦૪–૨૦૨૬

(ચેતન હરેશકુમાર માંડલિયા)
મુખ્ય સીવીલ જજ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮